# ગાંધીનગર કોર્ટે સચિનના આગામી ૧૪ ઓકટોબર સુધીના રીમાન્ડ મંજુર કર્યા

**પોલીસે ૧૪ દિવસના રીમાન્ડની માંગણી કરી હતી : માસુમ બાળકને તરછોડી મહેંદી પેથાણીની હત્યા કરવાના કેસમાં આરોપીને કોર્ટમાં રજુ કરાયો : સચિન કેસની તપાસમાં સહકાર આપતો નથી : પોલીસ**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં માસુમ બાળકને પેથાપુર ગૌ શાળા પાસે રસ્તે તરછોડવાના અને મહેંદી ઉર્ફે હીના પેથાણીની ક્રૂર હત્યા કરવાના કેસમાં આરોપી સચિન દિક્ષિતને આજે પોલીસે ગાંધીનગરની કોર્ટમાં રજુ કર્યો હતો. આ દરમિયાન પોલીસે આ કેસની સઘન પુછતાછ માટે આરોપીના ૧૪ દિવસના રીમાન્ડ માટે કોર્ટ સમક્ષ માંગણી કરી હતી. કોર્ટે આ કેસ સંદર્ભે આરોપી સચિનના ૪ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે. અલબત્ત આગામી તા ૧૪ ઓકટોબર સુધીના રીમાન્ડ મંજુર કર્યા છે.

પતિ પત્ની ઔર વો ના પ્રણય ત્રિકોણના કરૂણ અને લોહીયાળ અંજામ આવ્યો છે. તરછાયેલો બાળક મળી આવ્યા બાદ તપાસના અંતે બાળકને તરછોડી દેનાર પિતા સચિન દિક્ષિત બાળકની માતાની હત્યા કરી દીધી હતી. પ્રણય ત્રિકોણના લીધે ઝઘડાનુ પરિણામે નિર્મમ હત્યાનો કિસ્સો પણ પ્રકાશમાં આવતા સમગ્ર ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. સમાજમાં પણ આ ઘટનાના પગલે ફીટકારની લાગણી વ્યાપી છે. ગત ગુરુવારે રાત્રિના પેથાપુર સ્વામિનારાયણ ગૌશાળાના દરવાજા પાસેથી શિવાંશ નામનો માસુમ બાળક તરછોડી દેવામાં આવતા પોલીસે તરછોડનાર પિતા સચિનની રાજસ્થાનથી અટકાયત કરી હતી.





પોલીસની પુછતાછના અંતે તરછોડાયેલા બાળકની માતા અને સચિન સાથે રીલેશનશીપમાં રહેતી મહેંદીની હત્યાની હકીકત પણ પ્રકાશમાં આવી હતી. માસુમનુ ભાવિ અંધકારમાં ધકેલતા પિતાને પોલીસે ઝડપી પાડયા બાદ આજે પોલીસે તેના રીમાન્ડ માટે આરોપી સચિન દિક્ષિતને આજે કોર્ટમાં રજુ કર્યો હતો. આ વેળાએ વકીલ આલમમાં પણ આક્રોશ જોવા મળ્યો હતો. ગાંધીનગરની સેસન્સ કોર્ટે આરોપીના રીમાન્ડ માટે કોર્ટ સમક્ષ અરજ કરવામાં આવી હતી. કોર્ટ કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપી સચિન તપાસમાં સહકાર ન આપતો હોવાની દલીલ પણ કરી હતી. જયારે આ કેસમાં વધુ વિગતો અને હકીકત પ્રકાશમાં આવે ઘટનાની સંપુર્ણ માહીતી અને ઉંડાણપુર્વકની તપાસ માટે વધુ દિવસના રીમાન્ડ માટે માંગણી કરી હતી. આ દરમિયાન સિવિલ હોસ્પિટલનો મેડિકલ રીપોર્ટ પણ રજુ કર્યો હતો. પોલીસે આરોપીના રીમાન્ડ માટે ૧૦ જેટલા કારણો રજુ કર્યા હતા. રીમાન્ડ અરજીના અંતે કોર્ટ કાર્યવાહી હાથ ધરાતા એડીશ્નલ ચીફ જયુ મેજી જજ જે એન પટેલે આરોપીના આગામી તા ૧૪ ઓકટોબર બપોરે ૨ વાગ્યા સુધીના પોલીસ રીમાન્ડ મંજુર કર્યા છે. પોલીસે આરોપીના ૧૪ દિવસના રીમાન્ડ માટે કોર્ટ સમક્ષ અરજ કરી હતી. આરોપી સચિન તપાસમાં સહકાર આપતો ન હોવાની પણ દલીલ કરવામાં આવી હતી. કોર્ટે આરોપીના ચાર દિવસના પોલીસ રીમાન્ડ મંજુર કર્યા છે. આ કેસમાં આરોપી તરફે લીગલ સર્વિસ ઓથોરીટીના વકીલ વિપુલ વાઘેલાએ દલીલો કરી હતી.

## આરોપીની ક્રુર હરકતથી વકીલોમાં પણ રોષ : કેસ નહીં લડવા અપીલ

ગાંધીનગર નજીક પેથાપુર ગૌ શાળા પાસે ૧૦ મહીનાના માસુમ બાળકને તરછોડી હીના ઉર્ફે મહેંદીની હત્યા કર્યા બાદ બેરહેમ સચિન સામે ચોમેર ફીટકારની લાગણી વરસી રહી છે. સમાજ જીવનમાં પણ આ પ્રકારની ક્રૂર માનસિકતા સામે પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. માસુમને રસ્તે રઝળતુ મુકી દેવાની આ ઘટનાથી સમાજ જીવનમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. ત્યારે આ કેસ હાલ નગરમાં ચર્ચાની એરણે છે. આજે પોલીસે આરોપી સચિનને કોર્ટ સમક્ષ હાજર કર્યો હતો. પોલીસ રીમાન્ડ માટે કોર્ટમાં આરોપીને હાજર કર્યો ત્યારે વકીલ આલમમાં પણ આરોપી સામે રોષ પ્રવર્તયો હતો. આવો ક્રુર ગુન્હામાં સંડવાયેલા આરોપી ના તરફે વકીલોએ પણ આવા કેસ નહીં લેવાની લાગણી વ્યકત કરી હતી. ગાંધીનગર બાર એસોસિએશનના લાલસિંહ ગોહીલે પણ આ પ્રકારના ગુન્હામાં સંડોવાયેલા આરોપીનો કેસ નહીં લેવા માટે કોર્ટના વકીલોને અપીલ કરી હતી. કોર્ટના વકીલોએ પણ આ મામલે સંમત્તિ દર્શાવી હતી.

## કોર્ટ કાર્યવાહી દરમિયાન સચિન રડી પડયો...!!

માસુમ બાળકને તરછોડી પ્રેમિકાની હત્યા કરવાના ગંભીર ગુન્હામાં સંડોવાયેલા સચિન સામે શહેરીજનો પણ ફીટકારની લાગણી વરસાવી રહ્યા છે. માસુમને રસ્તે તરછોડી મહેંદી ઉર્ફે હીના પેથાણીની હત્યાના કેસમાં પોલીસે સચિનને ઝડપી લઇ ઉંડાણપુર્વકની તપાસ હાથ ધરી છે. આ કેસ સંદર્ભે પોલીસે આજે આરોપીને કોર્ટ સમક્ષ હાજર કર્યો હતો. સચિનને કોર્ટ સમક્ષ હાજર કરાયો તે દરમિયાન પોતાની આ નિર્દયી કાંડને લઇને ઢીલો પડી ગયો હતો. સચિન પોતાની આ હરકતથી રડમસ બન્યો હતો.

# જિલ્લાની પ્રા. શાળાના દિવ્યાંગ બાળકોની સાધન-સહાય માટે એસેસમેન્ટ કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની વિવિધ સરકારી પ્રા. શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને સાધન સહાય આપવાની યોજનાના અમલીકરણ અંગે આજે આવા બાળકોના એસેસમેન્ટનો એક વિશિષ્ટ કેમ્પ બી.આર.સી. ભવન સે. ૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો.

સર્વ શિક્ષણ અભિયાન અને એલીમ્કો કંપનીના સહયોગથી યોજાયેલ આ એસેસમેન્ટ કેમ્પમાં આજે ત્રણ તાલુકા માણસા, ગાંધીનગર અને કલોલના ૨૦૮ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ બાળકોને કયા સાધનની જરૂર છે અને તેનુ એસેસમેન્ટ લઈ આ સાધનો બનાવવામાં આવે છે.

જિલ્લા પ્રાથમિક શાસનાધિકારી વ પ્રોજેક્ટ કોર્ડિનેટર સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિએ આજે આ એસેસમેન્ટ કેમ્પમાં ખાસ હાજરી આપી આ બાળકોને તેમને જરૂરી સાધનો ઝડપથી ઉપલબ્ધ થાય તે જોવા કંપનીના અધિકારીઓ સાથે પણ બેઠક કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ કેમ્પમાં માણસા તાલુકાના એચઆઈ અને ઓએચ કેટગરીના ૬૦ બાળકો, કલોલ તાલુકાના ૫૩ બાળકો તેમજ ગાંધીનગર તાલુકાના ૯૫ બાળકોએ ભાગ લીધો હતો. બધાજ બાળકોના એસેસમેન્ટની પ્રાથમિક કવાયત આજે સાંજે પૂરી થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં દર વર્ષે આવા દિવ્યાંગ બાળકોને સાધનસહાય આપવામાં આવે છે. ગત વર્ષે શૈક્ષણિક સત્ર કોરોનાની મહામારીમાં શરૂ થઈ શક્યુ ન હતુ. આ વખતે ધો. ૬ થી ૮ ના બાળકોનું વર્ગ શિક્ષણ આરંભાયુ છે અને તેમાં મળી આવેલા દિવ્યાંગ બાળકોનું આજે એસેસમેન્ટ કરવામાં આવ્યુ છે. જેમાં ક્લબફૂટ, હાથ માટે પણ સાધન સહાય આપવામાં આવે છે.

શાળાઓમાં બાળકોના આરોગ્યની પણ ચકાસણી માટે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ આરોગ્ય વિભાગ દ્વારા યોજાય છે. તેમાં પણ બાળકોને ગંભીર બિમારીમાં નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. આ સાધન સહાય પણ સરકાર દ્વારા આપવામાં આવે છે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# વેક્સિનેશન અભિયાનની કામગીરી જિલ્લામાં ધીમી પડી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોના વેક્સિનેશન અભિયાનમાં ધીમી કામગીરી રહેવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦૪૧ લોકોને તો શહેરમાં ૧૭૭૫ લોકોને જ આવરી લેવામાં આવ્યા છે.

જો કે અભિયાનમાં વેક્સિનનો બીજો ડોઝ લેનારા લાભાર્થીઓ વધુ રહેવા પામ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં હજુ પણ ઘણા બધા લોકો વેક્સિનનો વિરોધ કરી રહ્યાનું ધ્યાને આવ્યુ છે. ગઈકાલે પણ તંત્રની ટીમો દ્વારા આ અંગે લોકોને સમજાવવામાં આવ્યા હતા.

જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનને લઈ અસરકારક મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે. તેમજ કયા વયજૂથમાં કેટલા બાકી લોકો છે તે અંગે પણ અલગથી સર્વે કરવાની વિચારણા ચાલતી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# નવી ‘સરકાર’ને મળવા આવતા મુલાકાતીઓનો ધસારો હજુ પણ યથાવત્..!!

## મુલાકાતીઓમાં મંત્રીઓ સાથે ‘સેલ્ફી’ લેવાનો અનોખો ક્રેજ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં તાજેતરમાં જ સત્તા પરિવર્તન થવા પામ્યું અને વિજય રૂપાણીના સ્થાને મુખ્યમંત્રી પદે ભૂપેન્દ્ર પટેલે શપથગ્રહણ કરીને તમામ નવાં ચહેરા સાથે નવી સરકારની રચના કરી છે. નવી સરકારે આવતાવેંત કોરોના મહામારીના કારણે સચિવાલયમાં મુકાયેલા મુલાકાતીઓ પરના પ્રતિબંધને હટાવી દીધો છે જેના પગલે હજુ પણ મુલાકાતીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે જેમાં રાજ્યભરમાંથી નાગરિકો નવા મંત્રીઓની શુભેચ્છા મુલાકાતે આવી રહ્યાં છે.

સ્વર્ણિમ સંકુલ ખાતે ભૂપેન્દ્ર પટેલ સરકારના નવા મંત્રીઓને મળવા તેમના વિધાનસભા ક્ષેત્રમાંથી ટેકેદારો, કાર્યકરો એ અન્ય મુલાકાતીઓનો હજુ પણ સતત ધસારો જોવા મળી રહ્યાં છે. મુખ્યમંત્રી દ્વારા નવા મંત્રીમંડળને સપ્તાહના શરૂઆતના દિવસો સોમવાર અને મંગળવારે મળવા આવતા મુલાકાતીઓ માટે સમય ફાળવવા સૂચન કરેલુ છે. શરૂઆતમાં એવુ લાગતુ હતુ કે નવી સરકાર અને નવા મંત્રીઓ છે એટલે સ્વાભાવિક રીતે જ અભિનંદન-શુભેચ્છા પાઠવવા ધસારો રહેશે પરંતુ નવી સરકારની વરણીને આજે એક માસથી વધુનો સમય વીતી ગયો છતાં હજુ પણ મુલાકાતીઓનો ધસારો ઓછો થવા નથી પામતો. એટલું જ નહી પરંતુ આ સરકારના મંત્રીઓને મળવા આવતા મુલાકાતીઓમાં મંત્રી સાથે ‘સેલ્ફી’ લેવાનો ક્રેઝ પણ જોવા મળી રહ્યો છે જે માટે મંત્રીઓ પણ હોંશે હોંશે સાથ આપી રહ્યાં છે.

# જિલ્લા વિકાસ અધિકારી કો ગુસ્સા આયા...

**સી.એમ. ડેશ બોર્ડમાં જિલ્લો ૨૯મા ક્રમે ધકેલાયો... : કોરોના વેક્સિનેશન મહા અભિયાનમાં નબળી કામગીરી તેમજ ૧૦૦ દિવસના લક્ષ્યાંક માટેના કાર્યક્રમમાં પણ તંત્રની ઉદાસીન કામગીરી**

ગાંધીનગર, તા. ૧૧

સી.એમ. ડેશ બોર્ડમાં ગાંધીનગર જિલ્લાની અત્યંત નબળી કામગીરીને લઈ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ ભારે ગુસ્સામાં જણાયા હતા.

અત્યાર સુધી ટોપ-૧૦માં સ્થાન ધરાવતો ગાંધીનગર જિલ્લાનો ક્રમ ગબડીને ૨૯મા સ્થાને પહોંચ્યો છે. સી.એમ. ડેસ બોર્ડમાં નિયમિત એન્ટ્રી નહિ થતી હોવાનું અને બદલાયેલા પેરામીટર્સનું બ્હાનુ તંત્રના વિવિધ અધિકારીઓ કહી રહ્યા છે. આ ઉપરાંત છેલ્લા ઘણા સમયથી જિલ્લામાં સરકારી કાર્યક્રમોમાં પણ તંત્રની વ્યસ્તતા વધુ હોવાથી ક્રમ ગબડ્યો હોવાનું મનાઈ રહ્યુ છે.

જો કે જિલ્લામાં કોરોના વેક્સિનેશનની કામગીરી પણ ગઈકાલે મહા અભિયાનમાં નબળી રહેવા પામી હતી. આરોગ્ય વિભાગ દ્વારા વેક્સિનેશન માટેનું આડેધડ આયોજન થઈ રહ્યાની પણ વિગતો બહાર આવી છે. અગાઉ વેક્સિનેશન મહા અભિયાન માટે લાયઝન અધિકારીઓની નિયુક્તી કરાઈ હતી પણ ગઈકાલે આ અંગેના મોનીટરીંગની કોઈ જ વ્યવસ્થા થઈ ન હોવાથી પણ અવ્યવસ્થાઓ ઉભી થઈ હોવાનું ધ્યાને આવ્યુ છે.

જિલ્લામાં આરોગ્યની વિવિધ યોજનાકીય કામગીરી પણ નબળી જણાઈ છે. આ ઉપરાંત ૧૦૦ દિવસના આપવામાં આવેલ સમયપત્રકમાં હજુ કોઈ કામગીરીનો આરંભ નહિ થયાનું જણાઈ આવતાં જિલ્લા વિકાસ અધિકારીએ આજે અધિકારીઓ પર ભારે રોષ ઠાલવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી અને પંચાયત પ્રમુખ માટે નવી ગાડીની દરખાસ્તને સરકારની મંજૂરી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી અને પંચાયત પ્રમુખ માટે નવી ગાડી ખરીદવાની દરખાસ્તને રાજ્ય સરકારની મંજૂરી મળી જવા પામી છે.

જિલ્લા વિકાસ અધિકારીની ગાડી ૨૦૧૭માં કન્ડમ થઈ ગઈ હતી. જયારે પંચાયત પ્રમુખની ગાડીને અકસ્માત થતાં તેને ભારે નુકશાન થયુ હતુ.

આ બન્ને માટે નવી ગાડી ખરીદવા અંગેની દરખાસ્ત સરકારને મોકલવામાં આવી હતી આ ઉપરાંત જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ તે અંગે મંજૂરી આપવામાં આવી છે.

દિપાવલી પર્વ પહેલાં આ બન્ને પદાધિકારીઓ માટે નવી ગાડીઓ આવી જશે તેમ મનાઈ રહ્યુ છે. નવી ગાડીઓ ખરીદવા માટેની કાર્યવાહી હાલ ધીમી ગતિએ જરૂર ચાલી રહી છે પણ આ સપ્તાહના અંત સુધીમાં તેમાં વેગ આવશે તેમ જાણવા મળેલ છે.

નવી ગાડીઓ ખરીદવા માટે સરકારે કોરોના મહામારીને લઈ પ્રતિબંધ લગાવ્યો હતો પરંતુ તાજેતરમાં આ પ્રતિબંધને હળવો કરવામાં આવ્યો છે અને હવે નવી ગાડી ખરીદવામાં આવશે તેમ જામવા મળેલ છે.

# નાગર સમાજના અગ્રણી ડૉ. મહેન્દ્રભાઈ દવેનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૧

શ્રી વિસનગરા નાગર સમાજ ગાંધીનગરના આદ્ય



સ્થાપક ડૉ. મહેન્દ્રભાઈ દવેનું આજે દેહાવસાન થયુ છે.

ડૉ. મહેન્દ્રભાઈ દવે ગુજરાતીના અધ્યાપક હતા. તેઓ પહેલાં વિસનગર એચ.એન. કોલેજ ખાતે અને ત્યારબાદ ગાંધીનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ગુજરાતી વિભાગના વડા તરીકે સેવાઓ આપી વય નિવૃત્ત થયા હતા. સ્વ. ડૉ. દવેએ અનેકવિધ વિષયો પર ભાષ્ય લખ્યા હતા. તેઓ ગુજરાતી ભાષા ઉપરાંત સંસ્કૃતના પણ સારા પ્રેમી હતા. તેમણે ગાંધીનગર ખાતે વિસનગરા નાગર સમાજને ચેતનવંતુ બનાવ્યુ હતુ. તેઓ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં અગ્રેસર હતા. મિલનસાર સ્વભાવ એ તેમની આગવી ઓળખ હતી. સાદગી અને હિંચકો તેમને બહુ પ્રિય હતો.

આજે સાંજે તેમની અંતિમયાત્રા સે. ૨૧માં તેમના નિવાસસ્થાનેથી નીકળી હતી જેમાં શિક્ષણ જગતના અગ્રણીઓ અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ગાંધીનગર સમાચારના કટાર લેખક વિનોદ અમલાનીનું દુઃખદ નિધન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના રંગભૂમિના લેખક-કલાકાર તેમજ ગાંધીનગર સમાચારના કટારલેખક નિવૃત્ત બેંક અધિકારી વિનોદ અમલાનીનું આજે માંદગીના કારણે અવસાન થયુ છે. તેઓને ડેન્ગ્યુ થયો હતો જેના કારણે તેમના ફેફસાં પર ગંભીર અસર થવા પામી અને ત્યારબાદ તેઓ ન્યુમોનિયાનો ભોગ બન્યાં હતા. જેના કારણે તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યાં હતા. માત્ર ૨૪ દિવસની માંદગીમાં તેમનું સારવાર દરમ્યાન જ દુઃખદ નિધન થવા પામ્યુ હતુ.

ગાંધીનગરના ઉદ્યોગભવન ખાતે સ્ટેટબેંક ઓફ ઈન્ડિયામાં મેનેજર પદેથી ગત સપ્ટેમ્બર માસમાં જ નિવૃત થનાર સ્વ. વિનોદ અમલાની સરળ અને ઋજુ સ્વભાવ સાથે પ્રભાવશાળી પ્રતિભા ધરાવતા હતા. તેઓ જાણીતા ડ્રામા આર્ટિસ્ટ હોવા સાથે અનેક નાટકો પણ લખી ચૂક્યા છે તેમજ પ્રભાવી મોટિવેશનલ સ્પીકર પણ હતા. ગાંધીનગર સમાચાર સાથે લગભગ એક દાયકાથી તેઓ જોડાયેલાં હતાં અને તેમની કોલમ “ચાલો જીવીએ સાનદાર” થકી જીવન પ્રત્યે લગાવ વધારી પ્રોત્સાહિત કરતાં તેમના લેખો નિરાશા તરફ ધકેલાઈ રહેલાં અનેક વાચકો માટે પ્રેરણાનું બળ



પુરૂ પાડતાં હતા. તેમના આ કટારના સંકલિત લેખોના કુલ ચાર પુસ્તકો પણ પ્રકાશિત થઈ ચુક્યા છે. ગાંધીનગર સમાચાર સ્વ. વિનોદ અમલાનીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સાથે તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના સાથે તેમને આઘાત સહન કરવાની શક્તિ મળે તે માટે પ્રાર્થના વ્યક્ત કરે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com